આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૦૧ | ૨૧ જૂન, ૨૦૧૩, ગુરૂવાર; જયેષ્ઠ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ખૂશખૂશાલ ચહેરે ઉપાડેલો બોજ તદ્દન હળવો લાગે છે
- હરકિશન મહેતા

મનપાની સામાન્ય સભા ગુણવત્તા માટે ગાજી

બાંકડાઓ અને સફાઈની ગુણવત્તા મામલે સભ્યોએ ઘોંસ બોલાવી : હર્ષજીત પંડયાએ સે-૨ના કચરા નિકાલના આંકડાઓ ટાંકી વ્યંગમાં કહ્યું તંત્ર એ ડમ્પીંગ સાઈટ બદલી નથી ને? આંકડાઓની ગુણવત્તા તપાસી પ્રમાણપત્ર મેળવી ચુકવણુ કરવા પ્રવિણ પટેલનો આગ્રહ : આસિ. કમિશનરનો અજમાયશી પિરિયડ સાત મહિના લંબાવવામાં આવ્યો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં કાઉન્સીલરો દ્વારા મુકવામાં આવેલા આંકડાની ગુણવત્તાને લઈ આજે કોર્પોરેશનની સામાન્ય સભામાં ઉગ્ર ચર્ચાઓ થઈ હતી.

કોર્પોરેશન દ્વારા કાઉન્સીલરોને વિકાસ કામો માટે ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાંથી જે બાંકડાઓ ખરીદવામાં આવ્યા છે તેનો સપ્લાય સમયસર નહિ થવાનો મુદ્દો, તેની ગુણવત્તાનો મુદ્દો, તેના નાણાં ચુકવણીના મુદ્દા સહિતના વિવિધ મુદ્દાઓને લઈ આજે સભ્યોએ ઉગ્ર રજુઆતો કરી હતી.

ભાજપના કાઉન્સીલર શ્રી કાર્તિક પટેલે આ મુદ્દો ઉપસ્થિત કરી રજુઆત કરી હતી કે આડેધડ આંકડાઓ મુકવામાં આવી રહ્યા છે તેમજ તેની ગુણવત્તા પણ એટલી નબળી છે કે તે ઉતારતાં તુટી જાય છે એટલું જ નહિ ૬૦ ટકાથી વધુ બાંકડાઓ એક વર્ષ પણ નહી થયું અને તુટી જવા પામ્યા છે આ બાબતે થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન કરાવવું જોઈએ. શ્રી પટેલે ગુણવત્તાની સાથે સાથે જે તે કાઉન્સીલર તેના જ વોર્ડમાં તેના નામ વાળા આંકડા મુકાવે તેવો પણ આગ્રહ કર્યો હતો.

કોંગ્રેસના શ્રી જીતુ રાયકાએ પણ આ મુદ્દામાં પોતાનો સૂર પૂરાવ્યો હતો તો કોંગ્રેસના જ શ્રી હસમુખ મકવાણાએ વિકાસના કામો માટે કરેલા સૂચનોની અમલવારી વિશે જાણવા માંગ્યું હતું. કોંગ્રેસના જ શ્રી હર્ષજીત પંડયાએ સિમેન્ટ અને ચુનાના બાંકડાઓને બદલે લોખંડના બાંકડા મુકવા માટેના વિકલ્પ પર વિચારણા કરવાનો આગ્રહ કર્યો હતો.

જિતુ રાયકાએ તોફાની તત્વો દ્વારા બાંકડા તોડાયા હોવાની રજુઆત કરી જણાવ્યું હતું કે ઘ રોડ પર બાંકડા ઉંધા પાડી દેવામાં આવ્યા છે આની ગુણવત્તા અંગે પણ તપાસ થવી જોઈએ.

સભ્યોના રોષને જોઈ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે બાંકડાઓ તોફાની તત્વો દ્વારા તોડવામાં આવ્યા અંગેની મને મળેલ રજુઆત પછી મેં પોલીસને પણ આ મુદ્દે તપાસ કરવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ડે. મ્યુનિ. કમિશનર શ્રી દ્વારા પણ તુટેલા બાંકડાઓ અંગે અલગથી તપાસ કરવામાં આવી રહી છે.

કોંગીના અગ્રણી સભ્ય અને સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેનશ્રી પ્રવિણ પટેલે સભ્યોના રોષને વાચા આપતાં જણાવ્યું હતું કે થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન દ્વારા રિપોર્ટ મેળવ્યા બાદ જ ચુકવણું કરવામાં આવે તેમજ જરૂર પડયે નવા ટેન્ડર માંગવા જોઈએ.

ડે. મ્યુનિ. કમિશનર શ્રી પાટડિયાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે બાંકડા સપ્લાય કરનાર એજન્સીને ગુણવત્તા અંગે નોટીસ આપવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે તંત્ર દ્વારા નવા ટેન્ડર મંગાવવા માટે મન ખુલ્લુ છે.

આજની આ સામાન્ય સભામાં એજન્ડા પરના બે મુદ્દાઓની ચર્ચાને અંતે બે મુદ્દા અધ્યક્ષસ્થાનેથી રજુ થયા હતા.

મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ આસિ. કમિશનર તરીકેનો ચાર્જ શ્રી ચૌધરીને એક વર્ષના અજમાયશી ધોરણે અપાયો હતો તેમની મુદતમાં સાત માસનો વધારો કરવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. તેમણે આવા કિસ્સામાં તંત્ર એ દાખવેલી ઉદાસીનતા સામે નારાજગી વ્યકત કરી મુદત પૂર્ણ થાય તેના ૫ દિવસ પહેલાં જ આવી બાબત સામાન્ય સભામાં રજુ કરવામાં આવે તેવી તાકીદ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

વાતાવરણ - વાદળછાયું વાતાવરણ હવે નિત્યક્રમ બનતો જાય છે... વાદળોની હેરાફેરી છેતરામણી નિકળે છે... છેલ્લા બે દિવસથી પુનઃ ઉકળાટ વધતો જાય છે.... ક્યારેક વાદળો ઘેરાય છે... તો ક્યારેક વાદળો ખોવાઈ જાય છે... છૂટાછવાયા વાદળો હવે ભેગા થઈને વરસે તો સારૂ.... (તસવીર : દિપક જાની)

ગાંધીનગરના યાત્રાળુઓ હરદ્વારમાં હેમખેમ

જય અંબે પરિવારના યાત્રાળુઓ ૨૨મીએ અને મોટા બાર સમાજના યાત્રાળુઓ ૨૬મીએ ગાંધીનગર પહોંચી જશે : જય અંબે પરિવારના ધીરૂભાઈ પટેલના અંતિમ સંસ્કાર વિધિપૂર્વક ત્યાં જ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૦

ચાર ધામની યાત્રાએ ગયેલા ગાંધીનગરના યાત્રાળુઓ કેદારનાથમાં જળપ્રલયની ભયંકર સ્થિતિ વચ્ચે ફસાઈ ગયા છે. જેમાં જય અંબે પરિવારના ખજાનચી ધીરૂભાઈ પટેલનું દુઃખદ અવસાન થયું છે. મળી રહેલી વિગતો મુજબ ફસાયેલા ગાંધીનગરના તમામ યાત્રીકોને આજે હરદ્વાર પહોંચાડી સલામત સ્થળે આશરો આપવામાં આવ્યો છે. જય અંબે પરિવારના યાત્રાળુઓ ૨૨મી જુને અને મોટા બાર સમાજના યાત્રાળુઓ ૨૬મી જુને ગાંધીનગર પહોંચી જશે તેમ યાત્રાળુઓ સાથે થયેલી ટેલીફોનીક વાતચીતમાં ગાંધીનગર સમચારને જાણવા મળ્યું છે.

ગાંધીનગરથી જય અંબે પરિવારના ૨૭ યાત્રાળુઓ અને મોટા બાર સમાજના ૫૦ યાત્રાળુઓ ચાર ધામની યાત્રાએ ગયા હતા અને જળપ્રલયને પગલે તે તમામ કેદારનાથ વિસ્તારમાં ભયંકર રીતે ફસાઈ ગયા હતા. કેદારનાથ તથા આસપાસના

● અનુસંધાન પાન-૭ પર

યાત્રીકોની વિગતો મેળવવા સુચના

ગાંધીનગર જિલ્લા વિસ્તારમાંથી ચાર ધામની યાત્રાએ ગયેલા યાત્રીકોની યાદી તાત્કાલિક તૈયાર કરવા કલેક્ટર બી.જે. ભટ્ટે અધિકારીઓને સુચના આપી દીધી છે. રાજ્ય કક્ષાના અધિકારીઓની ટીમ અસરગ્રસ્ત ઉત્તરાખંડ ખાતે મદદ માટે પહોંચી ગઈ છે. ચાર તાલુકાના વિવિધ ગામો અને શહેરી વિસ્તારમાંથી ઘણાં પરિવારો યાત્રાએ ગયા હોવાની સંભાવનાને પગલે યાદી તૈયાર કરવા સુચના આપવામાં આવી છે. યાત્રીકોની યાદી તૈયાર કરવા મામલતદારને સુચના આપવામાં આવી છે. આ યાદીના આધારે રાજ્ય સરકારની ટીમનો સંપર્ક કરીને સાચી માહિતી યાત્રીકોના પરિવારજનો સુધી પહોંચાડવા તંત્ર કાર્યરત થયું છે.

મીના બજારમાં ઝાડા-ઉલ્ટીના કેસો નોંધાયા

કોલેરાની શંકા પ્રબળ બનતાં નમૂના પરીક્ષણ માટે અમદાવાદ મોકલવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના હાર્દસમા જુના સચિવાલય સંકુલ નજીક આવેલ મીના બજારની ઝુંપડપટ્ટી વિસ્તારમાંથી ઝાડા-ઉલ્ટીના આજે કેસો મળી આવતા આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે.

ઝાડા-ઉલ્ટીના મળી આવેલા આ કેસોમાં એક દર્દીને શંકાસ્પદ કોલેરાના લક્ષણો જણાતાં તંત્રએ ઝાડા-ઉલ્ટીના નમૂના મેળવી અને તેને પરીક્ષણ માટે અમદાવાદ મોકલ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે સવારે મીના બજારની ઝુંપટપટ્ટી વિસ્તારમાં ઝાડા-ઉલ્ટીના કેસોની જાણ આરોગ્ય તંત્રને થતાં જ ત્યાં ટીમ દોડી ગઈ હતી અને તાબડતોબ સારવાર શરૂ કરવામાં આવી હતી. સાત જેટલા ઝાડા-ઉલ્ટીના દર્દીઓ મળી આવ્યા હતા. જેમાંથી ત્રણને સઘન સારવાર જરૂરી જણાતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ચાર દર્દીને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

તંત્રએ આ વિસ્તારના કરેલા સર્વેલન્સમાં દુષિત પાણીનો ઉપીયોગ જણાયો હતો. આ ઉપરાંત એક-બે પાણીના લીકેજીસ પણ શોધી કાઢવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

મૃતકોને પ્રમાણપત્રો આપવાની વ્યવસ્થા કરવા ગુજરાતના મુખ્ય સચિવે ઉત્તરાખંડના મુખ્ય સચિવને પત્ર લખ્યો

ગાંધીનગર, તા. ૨૦

ઉત્તરાખંડમાં લાપત્તા થયેલ અને મૃત્યુ પામેલ ગુજરાતીઓને પ્રમાણપત્ર આપવા સહિતની વ્યવસ્થા કરવા ગુજરાતના મુખ્ય સચિવે ફેક્સ દ્વારા ઉત્તરાખંડના મુખ્ય સચિવને રજુઆત કરી છે.

ઉત્તરાખંડમાં રૂદ્રપ્રયાગ અને કેદારનાથમાં આવેલા વિનાશક પુરમાં હજજારો યાત્રીકો ફસાઈ જવા પામ્યા છે. આ પૂરમાં કેટલાકના મૃત્યુ થયા છે તો કેટલાક યાત્રીકો લાપત્તા બન્યા છે. ઉત્તરાખંડમાં ગુજરાતના અંદાજે પાંચ જેટલા પ્રવાસીઓ ફસાયા છે.

ઉત્તરાખંડમાં બનેલી પૂર હોનારતમાં મૃત્યુ પામેલ ગુજરાતી પ્રવાસીના સ્વજનોને મૃત્યુ પ્રમાણપત્ર મળી રહે તેમજ લાપત્તા થયેલ પ્રવાસીઓને શોધવા માટેની વ્યવસ્થા સ્થાનિક તંત્ર દ્વારા કરવામાં આવે તેવી રજુઆત ગુજરાતના મુખ્ય સચિવે એક પત્ર ફેક્સથી ઉત્તરાખંડના મુખ્ય સચિવને મોકલીને કરી છે.

ઉત્તરાખંડમાં ફસાયેલા ગુજરાતના પ્રવાસીઓ પૈકી કેટલાક પ્રવાસીઓને શાંતિકુંજમાં રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા રાહત કેમ્પમાં સંપર્ક થવા પામ્યો છે. તેમને ગુજરાત પરત લાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ ઉપરાંત કેટલાક ફસાયેલ ગુજરાતી પ્રવાસીઓને બચાવીને પરત લાવવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળે છે.